# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 18/09/2026 EVENING: 7.50 TO 8.00**
**DAY: FRIDAY NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) ભારત અને સંયુક્ત આરબ અમીરાતે પ્રાદેશિક શાંતિ , સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

2) ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે.

3) ભારતે લાલ સમુદ્ર ક્ષેત્રમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી.

4) કેન્દ્ર સરકારે જથ્થાબંધ ગ્રાહકો માટે ખાંડની સંગ્રહમર્યાદા 15 દિવસથી વધારીને 30 દિવસ કરી.

5) ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના પ્રતિસ્પર્ધી જૂથોને અલગ-અલગ નામ અને ચૂંટણી પ્રતીકો ફાળવ્યા.

6) ભારતની મહિલા ક્રિકેટ ટીમ જાપાનને હરાવી એશિયન ગેમ્સની સેમિફાઇનલમાં પહોંચી.

*****************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – UAE PRESIDENT

ભારત અને સંયુક્ત આરબ અમીરાતે પ્રાદેશિક શાંતિ , સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસોમાં સતત સહયોગ અને સંકલન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે આજે સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાને ટેલિફોન પર વાતચીત કરી. બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં બની રહેલી ઘટનાઓ પર વિચાર-વિમર્શ કર્યો. તેમણે ઉર્જા, સંરક્ષણ, ટેકનોલોજી, રોકાણ અને આરોગ્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા પર પણ ચર્ચા કરી.

સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિએ ભારતની સફળ બ્રિક્સ અધ્યક્ષતા માટે પ્રધાનમંત્રીને અભિનંદન આપ્યા. શ્રી મોદીએ બ્રિક્સ શિખર સંમેલનમાં ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદની ભાગીદારી અને ભારતની અધ્યક્ષતામાં નક્કર પરિણામો પ્રાપ્ત કરવામાં સંયુક્ત આરબ અમીરાતના સહયોગ અને ભાગીદારીની પ્રશંસા કરી. સંયુક્ત આરબ અમીરાત ના રાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રીને જન્મદિવસની પણ શુભકામનાઓ પાઠવી.

# PM - EMPLOYMENT FAIR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વર્ચ્યુઅલ માધ્યમથી 20મા રોજગાર મેળામાં વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં ભરતી થયેલા યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રો સોંપશે. આ પ્રસંગે શ્રી મોદી કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે.**

**આ રોજગાર મેળો દેશભરમાં 45 સ્થળોએ આયોજિત કરવામાં આવશે. નવ નિયુક્ત ઉમેદવારો ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે.**

**20મા રોજગાર મેળાની સાથે કુલ મળીને લગભગ 12 લાખ 75 હજાર યુવાનોને અલગ-અલગ વિભાગો અને સરકારી સંગઠનોમાં નિમણૂક પત્રો મળી ચૂક્યા છે.**

# MURUGAN - POLICY CONFERENCE

માહિતી અને પ્રસારણ તેમજ સંસદીય બાબતોના રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને આજે જણાવ્યું કે ભારતની સર્જનાત્મક અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. તેમણે કહ્યું કે આ વૃદ્ધિ વિચારો , કલ્પના, સંસ્કૃતિ, નવીનતા અને બૌદ્ધિક સંપદા દ્વારા સંચાલિત થઈ રહી છે. ડૉ. મુરુગન હરિયાણાના સોનીપતમાં 'કાયદો, નીતિ અને સર્જનાત્મક અર્થવ્યવસ્થા' વિષય પર આયોજિત એક સેમિનારમાં યુવાનોને સંબોધિત કરી રહ્યા હતા. આ સેમિનાર ઓ.પી. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટીમાં 'જિંદાલ નીતિ સંમેલન ' અંતર્ગત આયોજિત કરવામાં આવ્યો હતો.

ડૉ. મુરુગને જણાવ્યું કે ફિલ્મ , સંગીત, ગેમિંગ, એનિમેશન, ડિઝાઇન, પ્રકાશન, વિજ્ઞાપન અને ડિજિટલ કન્ટેન્ટ જેવા ક્ષેત્રો રોજગારી અને ઉદ્યોગસાહસિકતાની નવી તકો ઉભી કરી રહ્યા છે.

# VP - MAHARASHTRA YOGA

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે જણાવ્યું હતું કે આધુનિક જીવનના વધતા જતા તણાવ વચ્ચે યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય , એકાગ્રતા, આત્મ-જાગરૂકતા અને માનસિક સંતુલનને સુધારવામાં મદદરૂપ થઈ શકે છે. ઉપરાષ્ટ્રપતિ મહારાષ્ટ્રના લોનાવલા સ્થિત કૈવલ્યધામમાં ગોરધનદાસ સેક્સરીયા યોગ અને સાંસ્કૃતિક સંશ્લેષણ મહાવિદ્યાલયના 75 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત સમારંભને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી રાધાકૃષ્ણને યોગ શિક્ષણ , સંશોધન અને સાંસ્કૃતિક અભ્યાસમાં સંસ્થાના યોગદાનની સરાહના કરી હતી. તેમણે ઉમેર્યું કે યોગ માત્ર એક પેઢીની પરંપરા નથી, પરંતુ એક વારસો છે જેને આવનારી પેઢીઓ માટે સાચવવો જોઈએ.

# VAISHNAV - SEMICON 2.0

ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે. નવી દિલ્હીમાં 'સેમિકોન ઇન્ડિયા 2026'માં એક અનૌપચારિક ચર્ચામાં ભાગ લેતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે બૌદ્ધિક સંપદાની સુરક્ષાથી લઈને વૈશ્વિક કંપનીઓને ભારતમાં સંપૂર્ણ ઉત્પાદન ડિઝાઇન કરવા માટે સક્ષમ બનાવવા સુધી , સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વિશ્વાસ અત્યંત મહત્વપૂર્ણ છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે ભારતે દસ વર્ષમાં 85 હજાર સેમિકન્ડક્ટર ડિઝાઇન એન્જિનિયરોને તાલીમ આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમણે ઉમેર્યું કે ચાર વર્ષમાં 70 હજાર એન્જિનિયરોને તાલીમ આપવામાં આવી ચૂકી છે.

## BYTE: ASHWINI VAISHNAW

***We are already globally competitive अभी जितने भी पांच प्लांट में जो प्रोडक्शन चालू हुआ है वो सब के सब एक्सपोर्ट में कम्पटीशन में खरे उतर रहे हैं क्वालिटी पर भी और कॉस्ट में भी। So we are globally competitive and it's a very good journey। Semicon 1.0 was all about making the foundation, Semicon 2.0 is about building over that foundation।***

# MEA - BRIEFING

ભારતે લાલ સમુદ્ર ક્ષેત્રમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આજે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાઉદી અરેબિયાના સાર્વભૌમ પ્રદેશ પરના હુમલાઓની નિંદા કરી, જેમાં નાગરિકો અને આર્થિક સંપત્તિઓને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું કે મક્કા પરના હુમલાના પ્રયાસ બાદ ભારતે પણ એક નિવેદન બહાર પાડ્યું હતું. શ્રી જયસ્વાલે કહ્યું કે આવા હુમલાઓ પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાને નબળી પાડે છે અને બાબ અલ-મંડબ દ્વારા નેવિગેશનની સ્વતંત્રતા માટે પણ ખતરો છે. તેમણે કહ્યું કે આવી ઘટનાઓ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપનાની આશા વ્યક્ત કરી.

પાકિસ્તાન નૌકાદળના જહાજ અને ભારતીય યુદ્ધ જહાજ વચ્ચેની ટક્કર અંગે , જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે તેના વિરોધ પ્રત્યે પાકિસ્તાનના પ્રતિભાવની નોંધ લીધી છે. તેમણે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આરોપો અને પ્રચારને સ્પષ્ટપણે નકારી કાઢ્યો.

## BYTE: RANDHIR JAISWAL

***हमने अपने द्वारा दर्ज कराए गए विरोध पर पाकिस्तान का जवाब देखा है। हमने इसमें लगाए गए आरोपों को पूरी तरह से खारिज करते हैं। पाकिस्तान पक्ष को एक बार फिर से यह सलाह दी गई है कि किसी भी घटनाओं को दोबारा होने से रोकने के लिए उनके सभी सैन्य इकाइयों को उचित सावधानी बरतने और दोनों पक्षों के बीच संबंधित समझौतों के प्रावधानों का सम्मान करने की जरूरत है। इस घटना में आईएनएस कोलकाता को कोई बड़ा नुकसान नहीं हुआ है।***

# INDIA BUSINESS ENVIRONMENT - SURVEY

ભારતમાં સ્વીડિશ ચેમ્બર ઓફ કોમર્સના વર્તમાન 'બિઝનેસ ક્લાઈમેટ સર્વે 2026'માં, 40થી વધુ વૈશ્વિક બજારોમાં ભારતને બિઝનેસ ક્લાઈમેટમાં પ્રથમ સ્થાન મળ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે , ભારતનું વ્યવસાયિક વાતાવરણ ટકાઉપણું, વૃદ્ધિ અને વેપાર કરવાની સરળતા માટે એક માપદંડ સ્થાપિત કરી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# SEWA SANKALP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાર્વજનિક જીવનમાં 25 વર્ષ પૂરા કરી રહ્યા છે. તેમનું જીવન 'જન સેવા થી રાષ્ટ્ર સેવા ' ના મંત્ર અને નિરંતર સમર્પણ સાથે જોડાયેલું રહ્યું છે. આકાશવાણી સમાચાર 'સેવા સંકલ્પ અભિયાન ' પર વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યું છે. આજે આ જ કડીમાં, પ્રસ્તુત છે નક્સલવાદના અંતની દિશામાં કરવામાં આવી રહેલા પ્રયાસો પર વિશેષ અહેવાલ.

## NEWS CAPSULE: AJAY INDREKAR ON NAKSAL

*(છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં નક્સલવાદના અંત પછી હવે બંદૂકની ગોળીઓની જગ્યાએ એકવાર ફરી શાળામાં ઘંટ સંભળાવા લાગ્યા છે. બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા કેમ્પોની જગ્યાએ શહીદ વીર ગુંડાધૂર સેવા ડેરાના નામે આધુનિક જન સુવિધા કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે. બસ્તર ઓલિમ્પિક અને બસ્તર પંડુમ જેવા આયોજનો બદલાતા બસ્તરની તસવીર રજૂ કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યાં ક્યારેય ટેરર હતો, ત્યાં હવે ટેલેન્ટને અવસર મળી રહ્યો છે.)*

## BYTE: PM ON TERRORISM

***(हमने संकल्प लिया कि नक्सलवाद माओवाद को जड़ से उखाड़ फेकेंगे। और आज पूरा देश नतीजा देख रहा है। जहां पर विकास की बात बोल तक नहीं सकते थे आप, ऐसे क्षेत्रों में हम विकास का संकल्प लेकर आगे बढ़े। बस्तर जैसे इलाकों में बम बंद्रूक नहीं, बस्तर ओलंपिक्स की धूम है। यानी जहां कभी टेरर था, वहां टैलेंट को अवसर मिल रहा है।)***

*(બસ્તરમાં નક્સલવાદના અંત પછી હવે વિકાસનો સૂર્યોદય થઈ રહ્યો છે. વિકલ્પ શુક્લા સાથે અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# GOV ON SUGAR PRICE

કેન્દ્ર સરકારે જથ્થાબંધ ગ્રાહકો માટે ખાંડની સંગ્રહમર્યાદા 15 દિવસથી વધારીને 30 દિવસ કરી દીધી છે. આ છૂટછાટ એ શરતે આપવામાં આવી છે કે પ્રવર્તમાન 15 દિવસની મર્યાદા કરતાં વધુ સ્ટોક કરવામાં આવેલી ખાંડનો જથ્થો માત્ર એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ અને ટેરિફ રેટ કોટા હેઠળ આયાત કરાયેલી ખાંડમાંથી જ મેળવવો પડશે.

ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે ખુલ્લા બજારમાંથી ખાંડની ખરીદી માટે સ્ટોક મર્યાદા યથાવત રહેશે અને તે માત્ર 15 દિવસના વપરાશ સુધી જ મર્યાદિત રહેશે. આ નિર્ણય સરકારે ખાંડના મુખ્ય જથ્થાબંધ વપરાશકારો સાથે વિગતવાર વિચાર-વિમર્શ કર્યા બાદ લીધો છે.

# EC - TMC

ચૂંટણી પંચે આજે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના પ્રતિસ્પર્ધી જૂથોને અલગ-અલગ નામ અને ચૂંટણી પ્રતીકો ફાળવ્યા. આનાથી મમતા બેનર્જી અને અરૂપ રોયના નેતૃત્વ હેઠળના જૂથોને નવા નામોથી પેટાચૂંટણી લડવાની પરવાનગી મળી ગઈ છે. અરૂપ રોયના નેતૃત્વવાળા જૂથને 'લોકતાંત્રિક તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'પરબીડિયું' ચૂંટણી ચિહ્ન આપવામાં આવ્યું છે. મમતા બેનર્જીના નેતૃત્વવાળા જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી' ચૂંટણી ચિહ્ન ફાળવવામાં આવ્યું છે. ચૂંટણી પંચે પોતાના આદેશમાં જણાવ્યું છે કે બંને જૂથોને પશ્ચિમ બંગાળ , મેઘાલય અને ત્રિપુરામાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો તરીકે ગણવામાં આવશે. આ નિર્ણય પંચના ગઈકાલના વચગાળાના આદેશ બાદ આવ્યો છે.

# ASIAN GAMES WOMEN CRICKET

જાપાનના નિશિન ખાતે આજે રમાયેલી એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટ ક્વાર્ટર ફાઇનલમાં ભારતે જાપાનને હરાવ્યું. જાપાન પ્રથમ બેટિંગ કરતા 19.5 ઓવરમાં માત્ર 57 રન બનાવી ઓલઆઉટ થઈ ગયું હતું. જ્યારે 58 રનના લક્ષ્યાંકને, ભારતે માત્ર પાંચ ઓવરમાં હાંસલ કર્યો અને 90 બોલ બાકી રહેતા વિજય મેળવ્યો. આ જીત સાથે ભારત સેમિફાઇનલમાં પહોંચી ગયું છે , જ્યાં તેનો મુકાબલો રવિવારે બાંગ્લાદેશ સામે થશે.

# HAL AIRCRAFT

**હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે આજે બેંગલુરુમાં ભારતીય વાયુસેનાને હળવા લડાકુ એરક્રાફ્ટ, તેજસ ફાઇનલ ઓપરેશન ક્લિયરન્સ ટ્વીન સીટર ટ્રેનર્સ અને HTT 40 બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ સોંપ્યા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોંપણી સમારોહની અધ્યક્ષતા કરી. જાહેર ક્ષેત્રની ઉડ્ડયન કંપની HAL એ IAF ને બે ટ્રેનર એરક્રાફ્ટ , પવન હંસને ચાર ધ્રુવ નેક્સ્ટ જનરેશન હેલિકોપ્ટર અને ભારતીય વાયુસેનાને પ્રથમ HTT 40 બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ સોંપ્યા. સંરક્ષણ મંત્રીએ HTT 40 નું નામ અંકુર રાખ્યું.**

# PAKISTAN - EXPLOSIONS

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં આજે એક મસ્જિદ નજીક થયેલા બ્લાસ્ટમાં 15 લોકોના મોત થયા છે અને 50થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે જણાવ્યું કે આ ધમાકો શુક્રવારની નમાજ દરમિયાન થયો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.